# સંઘનો નરેન્દ્ર મોદીને ખુલ્લો ટેકો

નવી દિલ્હી,તા.૨૦

આરએસએસના વડા મોહન ભાગવતે એનડીએના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આજે ખુલ્લો ટેકો આપ્યો હતો. સાથે સાથે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની જોરદાર ઝાટકણી કાઢી હતી. લાતુરમાં સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે કહ્યું હતું કે હિંદુત્વવાદી ભારતના વડાપ્રધાન કેમ ન બની શકે. તેમણે ઉમેર્યું હતું કે કઈ વ્યક્તિ ધર્મ નિરપેક્ષ છે તે અંગે નીતિશ કુમારને કહેવાની જરૂર નથી. મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે મોહન ભાગવત નીતિશ કુમારથી ભારે નારાજ દેખાઈ રહ્યા છે. નીતિશ કુમારે ગઈકાલે જ કહ્યું હતું કે એનડીએને તેના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે એક સેક્યુલર ઉમેદવારની પસંદગી કરવી જોઈએ. મોહન ભાગવતે કહ્યું છે કે નીતિશ કુમાર પોતે તેમને હિંદુ તરીકે કહેવામાં આવે તેનાથી ડરી ગયા છે. ભારતમાં હિંદુત્વમાં મજબૂત વિશ્વાસ રાખતા વ્યક્તિની જ વડાપ્રધાન તરીકે પસંદગી થવી જોઈએ. બિહારના મુખ્યમંત્રી અને જેડીયુના નેતા નીતિશ કુમારના નિવેદનના એક દિવસ બાદ જ સંઘે મોદીને ખુલ્લો ટેકો આપી દીધો છે. આગામી દિવસોમાં નરેન્દ્ર મોદી અને નીતિશ કુમાર વચ્ચેની ખેંચતાણ વધુ તીવ્ર બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. નીતિશે ગઈકાલે જાહેરમાં કહ્યું હતું કે વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં વડાપ્રધાન પદના ઉમેદવાર એનડીએ દ્વારા પસંદ કરવા જોઈએ. રાજકીય વર્તુળોમાં એમ માનવામાં આવી રહ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર



મોદીની દાવેદારીને ફગાવી દેવામાં આવી છે. બીજી બાજુ ભાજપના ઘણા લોકો વડાપ્રધાનના હોદ્દા માટે મોદીને સૌથી પ્રબળ દાવેદાર ગણે છે. ગઠબંધનના નેતા બિનસાંપ્રદાયિક વિશ્વસનીયતા વાળા હોવા જોઈએ તેવો મત નીતિશ કુમારે વ્યક્ત કર્યો હતો. નીતિશ કુમારના નિવેદનના કલાકો બાદ જ નીતિશના મજબૂત હરીફ લાલુપ્રસાદે કહ્યું હતું કે સેક્યુલરની વાત કરવી યોગ્ય દેખાતી નથી. બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલ કુમાર મોદીએ નીતિશ કુમારના મતને ટેકો આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન પદના ઉમેદવારની પ્રતિષ્ઠા ઉદાર હોવી જોઈએ. ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી જે પ્રકારની પ્રતિષ્ઠા ધરાવતા હતા તેવી પ્રતિષ્ઠા એનડીએના ઉમેદવારની હોવી જોઈએ. જો કે બિહાર ભાજપના એક વર્ગના નેતાઓએ નીતિશ કુમારના મતને ટેકો આપ્યો ન હતો અને કહ્યું હતું કે ઢોંગી બિનસાંપ્રદાયિક વાદની વાત નીતિશ કુમાર કરી રહ્યા છે.



ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલ દ્વારા રાષ્ટ્રપતિ ભવન ખાતે 'હિન્દી સેવી સન્માન યોજના' અંતર્ગત આજે હિન્દી સાહિત્યના મહાનુભાવોનું સન્માન કરી એવોર્ડ એનાયત કરાયા હતા તે પ્રસંગની સમૂહ તસવીર. તસવીરમાં માનવ સંસાધન મંત્રી શ્રી કપિલ સિબ્બલ તેમજ મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલ અને એવોર્ડ વિજેતાઓ નજરે ચઢે છે.

## રાષ્ટ્રપતિ ચૂંટણી લડવા માટે કટિબદ્ધ સાંગમાએ એનસીપી સાથે છેડો ફાડ્યો

નવી દિલ્હી, તા.૨૦

રાષ્ટ્રપતિની ચૂંટણી લડવાની પોતાની કટિબદ્ધતા વ્યક્ત કરીને એનસીપીના સ્થાપક સભ્ય પીએ સાંગમાએ આજે એનસીપી સાથે છેડો ફાડી લીધો હતો. એનસીપીએ રાષ્ટ્રપતિની ચૂંટણી માટે તેમની ઉમેદવારી સામે વાંધો ઉઠાવ્યો હતો. સાથે સાથે તેમની સામે શિસ્તના પગલા લેવાની પણ ખાતરી આપી હતી. લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ સાંગમાએ કહ્યુ હતુ કે તેઓને બિન કોંગ્રેસી પક્ષોના વરિષ્ઠ નેતાઓ તરફથી ટેકો આપવાની ખાતરી મળી ચુકી છે. કેટલાક એનડીએના ઘટકપક્ષો તરફથી પણ ટેકો આપવાની ખાતરી મળી ચુકી છે. જનતા પાર્ટીના પ્રમુખ સુબ્રમણ્યમ સ્વામી તેમને



મળીને ટેકો આપવાની ખાતરી આપી ચુક્યા છે. સાંગમાએ પક્ષ પ્રમુખ શરદ પવારને તેમનુ રાજીનામુ મોકલી ચુક્યા છે. પોતાના રાજીનામા પત્રમાં સાંગમાએ કહ્યુ છે કે તાત્કાલિક અમલ સાથે એનસીપીના પ્રાથમિક સભ્યપદેથી તેઓ રાજીનામુ આપી રહ્યા છે. અન્ય હોદ્દેદારો અને એનસીપીના વરિષ્ઠ નેતાઓને પણ આ અંગેની જાણ કરી દેવામા આવી છે. નિવેદનમાં સાંગમાએ એમ પણ કહ્યુ છે કે એનસીપીમાંથી રાજીનામુ આપી દેવા સિવાય તેમની પાસે કોઈ વિકલ્પ નથી. પક્ષ અથવા તો તેમની નેતાગીરીને નુકસાન પહોંચાડવાની પણ તેમની કોઈ ગણતરી નથી. એનસીપી સાથે છેડો ફાડવાની કયા સંજોગોમાં ફરજ પડી છે. રાષ્ટ્રપતિ પદને લઈને સાંગમા છેલ્લા ઘણા સમયથી લોબી ચલાવી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યુ છે કે રાષ્ટ્રપતિની ચૂંટણી લડવા માટે તેઓ કટિબદ્ધ બનેલા છે. સાંગમાએ એનસીપી સાથે એવા સમયે છેડો ફાડી દીધો છે ત્યારે એનડીએ રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને ગૂંચવણભરી સ્થિતિમાં છે તેના સાથી પક્ષ શિવસેનાએ તેમને ટેકો આપવાનો ખુલ્લી રીતે ઈન્કાર કરી દીધો છે. એનડીએના અન્ય એક ઘટકપક્ષ જેડીયૂએ પણ સાંગમાને ટેકો આપવા નારાજગી વ્યક્ત કરી છે. રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને યૂપીએ દ્વારા તેમના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે પ્રણવ મુખર્જીની જાહેરાત કરી દીધી છે. ત્યારે એનડીએ દ્વારા હજુ કોઈ ઉમેદવારનુ નામ જાહેર કરાયુ નથી.

## ડૉલરની વિરુદ્ધ રૂપિયો ૫૬થી નીચી સપાટીએ

નવી દિલ્હી, તા.૨૦

ડોલર સામે રૂપિયામાં હાલ બારે ઉથલપાથલ જોવા મળી રહી છે. આજે સતત ત્રીજા સેસનમાં રૂપિયો ડોલર સામે નબળો પડ્યો હતો. જૂન મહીનામાં પ્રથમ વખત રૂપિયો ૫૬થી નીચે પહોંચી ગયો છે. રૂપિયો ત્રણ સપ્તાહની નીચી સપાટીએ પહોંચી જતાં આરબીઆઈ અને સરકારની ચિંતા ફરી એક વાર વધી ગઈ છે. રૂપિયો ૩૧મી મેના દિવસે ૫૬.૫૨ની સપાટીએ પહોંચ્યો હતો. આજે પણ તેમાં ૫૬ની સપાટી જોવા મળી હતી. વૈશ્વિક રેટીંગ સંસ્થા સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ બાદ અન્ય એક રેટીંગ સંસ્થા ફીંચે પણ દેશના આઉટલુકને સ્થિરમાથી ઘટાડી નકારાત્મક કરી દેતા તેની માઠી અસર જોવા મળી રહી છે. એસબીઆઈ દ્વારા ઉપલબ્ધ કરાવવામા આવેલા આંકડા મુજબ ડોલર સામે રૂપિયો ૫૬.૧૫ની સપાટીએ રહ્યો હતો. રૂપિયો ફરી એકવાર ૩૧મી મેના દિવસે નોંધાયેલી ૫૬.૫૨ની રેકોર્ડ નીચી સપાટી તરફ વધી રહ્યો છે. મંગળવારના દિવસે રૂપિયો ૫૫.૯૫ની સપાટીએ રહ્યો હતો. પહેલી જૂન બાદથી રૂપિયામાં આ સ્થિતિ પ્રથમ વખત સર્જાઈ છે. વેપારીઓ અને કારોબારીઓનુ કહેવુ છે કે છેલ્લા ઘણા દિવસથી રૂપિયામાં ઉથલપાથલ થવા માટે ઘણા કારણો જવાબદાર રહ્યા છે. સ્થાનિક બજાર તથા બુલિયન બજારમાં પણ તેની અસર જોવા મળી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આરબીઆઈએ તાજેતરમાં જ રૂપિયાના અવમૂલ્યનને રોકવા માટે તમામ પગલા લીધા હતા. સરકારે પણ કહ્યુ હતુ કે જો જરૂર પડશે તો ચોક્કસપણે પગલા લેવામા આવશે.

## કિંગ શાહરુખ ખાન સામે ફોજદારી ફરિયાદ દાખલ

ઈન્દોર, તા.૨૦

મુંબઈમાં વાનખેડે સ્ટેડિયમ ખાતે ઝપાઝપી અને મારામારી સાથે સંબંધિત મામલામાં સંડોવણી બદલ બોલિવુડના અભિનેતા શાહરુખખાન સામે સ્થાનિક કોર્ટમાં ખાનગી ફોજદારી ફરિયાદ દાખલ કરવામા આવી છે. સ્થાનિક વકીલ અને સાથે સાથે કાર્યકર ઈન્દ્રજીત સિંહ દ્વારા દાખલ કરવામા આવેલી ફરિયાદમાં સીધા આક્ષેપ કરવામા આવી ચુક્યા છે. જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) સંગીતા તિવારની અદાલતમાં સીઆરપીસીની કલમ ૨૦૦ હેઠળ આ ફરિયાદ દાખલ કરવામા આવી છે જેમાં ફરિયાદીએ શાહરુખ ખાન ઉપર સીધા આક્ષેપ કર્યા છે. ફરિયાદ દાખલ કરતા કોર્ટે મામલાની સુનાવણી ૯મી જુલાઈ સુધી મોકૂફ



કરી દીધી છે. મુંબઈ પોલીસે ૧૭મી મેના દિવસે શાહરુખ ખાન અને અન્ય લોકો સામે ગુનો દાખલ કર્યો હતો. વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ક્રિકેટ એસોસિએશનના અધિકારીઓ અને તેમને આવરી લેતા ૧૬મી મેના બનાવના સંબંધમાં આ કેસ દાખલ કરવામા આવ્યો હતો. શાહરુખ ખાનની સામે તાજેતરના સમયમાં એક પછી એક ફરિયાદો થઈ છે. તેની સામે જાહેરમાં ધુમ્રપાન કરવાનો મામલો પણ હાલમાં રાજસ્થાનની એક કોર્ટમાં ચાલ્યો હતો.

## ટેનિસ ખેલાડી લિઆન્ડર પેસે ઓલમ્પિકમાંથી ખસી જવાની સ્પષ્ટપણે આપેલી ધમકી

નવી દિલ્હી, તા.૨૦

લંડન ઓલમ્પિક આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ભારતના સ્ટાર ટેનિસ ખેલાડી લિઆન્ડર પેસે ઓલમ્પિકમાંથી ખસી જવાની સ્પષ્ટપણે ધમકી આપી છે. પેસે મહેશ ભૂપતિ અને રોહન બોપન્નાએ તેની સાથે જોડી જમાવવાનો ઈન્કાર કરી દીધા બાદ ઓલમ્પિક જેવા સૌથી પ્રતિષ્ઠિત મહાકુંભમાં જુનિયર પાર્ટનર સાથે રમવા અંગે ના ખુશી વ્યક્ત કરી છે. ઈન્ડિય ઓલમ્પિક એસોસિએશ અને સંબંધિતો લખવામા આવેલા પત્રમાં પેશે કહ્યુ છે કે ભારતીય ટેનિસના હિતમાં તે ઓલમ્પિકમાથી ખસી જવા ઈચ્છુક છે. પેસે મિક્સ ડબલ્સનો મુદ્દો ઉછાવ્યો છે અને કહ્યુ છે કે તે સાનિયા મિર્ઝા સાથે પાર્ટનર બની રમવાનો હક ધરાવે છે. પેસે કહ્યુ છે કે ભૂપતિ અને બોપન્ના સાથે રમવાનો તેને કોઈ વાંધો નથી. આગામી મહિને લંડન ખાતે યોજનાર ઓલમ્પીક ગેમ્સમાં ટેનિસ



માટે ભારતીય ટીમ અંગે ચાલી રહેલા વિવાદમાં આજે નવો વળાંક આવ્યો હતો. અત્યાર સુધી મૌન સેવી રહેલી લીએન્ડરપેસે બે ટીમ મોકવાની ઓલ ઈન્ડિયા ટેનિસ એસોશીએસન (આઈટા)ની હિલચાલને આજે ફગાવી દીધી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ મહેશ ભુપતિ અને રોહન બોપન્ના દ્વારા ડબલ્સ સ્પર્ધામાં પેસ સાથે રમવાનો ઈનકાર કરાયા બાદ આઈટાએ ઓલમ્પીકમાં બે ટીમ મોકવવા હિલચાલ હાથ ધરી છે. જે અંગે પેસે સંકેત આપ્યો હતો કે તે ટોચનો ક્રમાંકિત ખેલાડી હોવાથી તેને સાથીદાર મળવો જોઈએ. બીજીબાજુ આઈટાએ આજની પત્રકાર પરિષદ આવતીકાલ સુધી મુલતવી રાખી છે. આજે સવારે આઈટાએ વલણ નરમ બનાવવાનો સંકેત આપતા બે ટીમ મોકવવાના વિકલ્પ પર વિચાર કરવાનું શરૂ કર્યું હતું. જેમાં પેસની સાથે વિષ્ણુ વર્ધનની ટીમ અને બીજી ટીમમાં ભૂપતિ અને બોપન્નાનો સમાવેશ કરવાનો હતો. જો કે સૂત્રોના જણાવ્યા મુજબ પેસે આ વિચારને ફગાવી દેતા કહ્યું હતું કે તેની માંગ માનવામાં નહીં આવે તો તે ઓલમ્પીકમાંથી ખસી જશે. ઓલમ્પીકમાં ટીમ મોકલવાની સમયમર્યાદા આવતીકાલે પૂર્ણ થઈ રહી છે. ત્યારે ટીમના મુખ્ય ત્રણ ખેલાડીઓ વચ્ચે ઘણા દિવસોથી મનભેદ ચાલી રહ્યા છે. ઓલમ્પીક માટે આપોઆપ ક્વોલફાય થયેલા લીએન્ડર પેસ સાથે મહેશભુપતિએ રમવાનો ઈનકાર કર્યા બાદ ટેનિસ જગતમાં પ્રવેશને હજુ પાંચ વર્ષ ન થયા તેવા રોહન બોપન્નાએ પણ પેસ સાથે રમવાનો ઈનકાર કરી દીધો હતો. મનભેદ ભુલાવીને રાષ્ટ્રહિતમાં રમવા વિનંતી કરી હતી.

## ગેરરીતિ પ્રકરણ : યેદિયુરપ્પા લોકાયુક્ત કોર્ટ સમક્ષ હાજર

બેંગ્લોર, તા.૨૦

કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પા અને હાઉસિંગ પ્રધાન વી સોમાન્ના આજે લોકાયુક્ત કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહ્યા હતા. જમીનના ડીનોટિફિકેશનમાં ગેરરીતિના સંબંધમાં આ બંને લોકાયુક્ત સમક્ષ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ ખાસ લોકાયુક્ત અદાલતના જજ એનકે સુધીન્દ્ર રાવે ૩૦મી જૂન સુધી કેશની સુનાવણી મોકૂફ કરી દીધી હતી. એપ્રિલ મહિનામાં



જજે તેમની સમક્ષ ઉપસ્થિત થવા યેદિયુરપ્પા, સોમાન્ના, તેમના પત્ની અને અન્ય એક વ્યક્તિને વ્યક્તિગત રીતે હાજર થવા સુચના આપી હતી. ૨૧મી માર્ચના દિવસે લોકાયુક્ત પોલિસી ડી રિપોર્ટ દાખલ કરીને ચોક્કસ સુચના જારી કરી હતી. આ કેસમાં તેમના હોદ્દાનો દુરુપયોગ કરવાનો સીધો આક્ષેપ કરવામા આવ્યો હતો. આ કેસમાં અન્ય આરોપીઓમાં કેટલાક હાઈપ્રોફાઈલ લોકોનો સમાવેશ થાય છે. ૧૭મી જાન્યુઆરીના દિવસે કર્ણાટક હાઈકોર્ટે આ કેસમાં તમામ આરોપીઓને આગોતરા જામીન આપી દીધા હતા. ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે જમીનના ડીનોટિફેશનમાં વ્યાપક ગેરરીતિ સપાટી પર આવી ચુકી છે. ફરિયાદની લોકાયુક્ત અદાલતે નોંધ લીધા બાદ તમામ ચાર આરોપીઓએ આગોતરા જામીન માટે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. તત્કાલિકન મુખ્યમંત્રી યેદિયુરપ્પાએ ડીનોટિફિકેશનના મામલામાં ફસાઈ ગયા બાદ અનેક વખત ખુલાસા કર્યા હતા.

## પશ્ચિમ બંગાળમાં માઓવાદીઓનો આતંક જારી : રેલવે કર્મચારીનું અપહરણ

કોલકત્તા,તા.૨૦

પશ્ચિમ બંગાળમાં માઓવાદીઓનો આતંક જારી રહ્યો છે. આજે માધુપુર અને જાઝા વચ્ચે રેલ્વે સ્ટેશન પરથી સ્ટેશન માસ્ટર અને રેલ્વે પોર્ટરનું અપહરણ કરી લેવામાં આવતા ભારે સનસનાટી મચી ગઈ હતી. હાવડા-દિલ્હી મેન લાઈન ઉપર ટ્રેન સેવા સંપૂર્ણ પણે ખોરવાઈ ગઈ હતી. સત્તાવાર સૂત્રોએ માહિતી આપતા જણાવ્યું છે કે હાવડા-દિલ્હી મેન લાઈન ઉપર ટ્રેન સર્વિસ બનાવ બાદ ખોરવાઈ જતા લોકો અટવાઈ પડ્યા હતા. ઈસ્ટર્ન રેલ્વેના સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે સ્ટેશન માસ્ટર અને અન્ય એક કર્મીનું માઓવાદીઓની ટોળકી દ્વારા સવારે ૧૦.૩૦ વાગે અપહરણ કરી લેવામાં આવ્યું હતું. બનાવ અંગેની માહિતી આપતા જમાલપુરના રેલ્વે પોલીસ અધિકારી અમિતાભ દાસે કહ્યું કહ્યું હતું કે માઓવાદીઓએ સ્ટેશન માસ્ટર વિજયકુમાર અને પોર્ટર દુખાનનું બંદુકની અણીએ અપહરણ કરી લીધુ હતું. માઓવાદીઓએ બંધની હાકલની અવગણના બદલ બોધપાઠ ભણાવવાના હેતુસર આ બંનેનું અપહરણ કરી લીધુ હતું. પોલીસે કહ્યું છે કે માઓવાદીઓ દ્વારા રેલ્વે કર્મચારીના અપહરણથી રેલ્વે તંત્રમાં પણ ભારે ભાગદોડ મચી ગઈ હતી.

## ટીમ અણ્ણામાં ભાગલા પાડવા ૧૦૦ કરોડનો ખર્ચ કરાયો છે

ઈન્દોર,તા.૨૦

ટીમ અણ્ણાના કોર સભ્ય અરવિંદ કેજરીવાલે આક્ષેપ કર્યો છે કે તેમની ટીમને તોડી પાડવા માટે ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી ચુક્યો છે. જો કે અરવિંદ કેજરીવાલે આ રકમ કોણે ખર્ચ કરી છે તે અંગે માહિતી આપવાનો ઈનકાર કરી દીધો હતો. કેજરીવાલે કહ્યું હતું કે આ કામ કોણ કરી રહ્યું છે તે વાત તમે જાણો છો. ભ્રષ્ટાચાર સામે તેમની આગામી લડાઈ માટે ટેકો મેળવવાના હેતુસર કેજરીવાલ હાલ ઈન્દોરમાં છે. કેજરીવાલે કહ્યું હતું કે ટીમ અણ્ણાના સભ્યો વચ્ચે મતભેદ ઉભા કરવા માટે દરેક પ્રયાસો કરવામાં આવી રહ્યા પરંતુ ટીમ અણ્ણાના સભ્યો બિલકુલ વિભાજીત રહ્યા છે. ટીમ અણ્ણાના સભ્યો અંતિમ શ્વાસ સુધી લડત ચલાવવા માટે સંપૂર્ણ પણે તૈયાર છે. કેજરીવાલે એમ પણ કહ્યું હતું કે તેઓ કોઈ પણ વાત છુપાવી રહ્યા નથી. કોઈ પણ તપાસ માટે પણ તૈયાર છે. ટીમ અણ્ણામાં કોઈપણ ખામી શોધવામાં વિરોધીઓને સફળતા મળી નથી. જેથી અવિશ્વાસનું વાતાવરણ સર્જવાના પ્રયાસો હવે કરવામાં આવી રહ્યા છે. પરંતુ આમા પણ તેઓ સફળ થશે નહીં. તેમણે ઉમેર્યું હતું કે આ ટીમ અણ્ણાની કોઈ લડત નથી પરંતુ ભ્રષ્ટાચારનો સામનો કરી રહેલા દરેક વ્યક્તીની લડાઈ છે. કેજરીવાલે સીબીઆઈ અને તેની વિશ્વસનીયતા સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. રાજકારણીઓ સામે કેસમાં તપાસ કરવામાં તેની વિશ્વસનીયતા દેખાઈ રહી નથી. લોકપાલ જેવી સ્વતંત્ર સંસ્થાની રજુઆત તેમણે કરી હતી. કેજરીવાલે દાવો કર્યો હતો કે જો સરકાર ૨૪મી જુલાઈ પહેલા સીટની રચના નહીં કરે તો ટીમ અણ્ણાના સભ્યો ૨૫મી જુલાઈથી જંતરમંતર ઉપર આમરણ ઉપવાસ કરશે.



જગન્નાથપુરીમાં ભગવાન જગદીશની યાત્રાનું અનેરૂ મહત્વ છે. એક સપ્તાહથી પણ વધુ સમય ચાલતી આ યાત્રા યાદગાર હોય છે. ભગવાન જગન્નાથની આબેહુબ પ્રતિકૃતિ રેતચિત્ર દ્વારા સેન્ડ આર્ટીસ્ટ સુબલ મોહરાનાએ ભુવનેશ્વર ખાતે બનાવી છે તેની તસવીર.

### મારા દેશનું સ્વાભિમાન... (પાના નં. ૪ નું ચાલુ)

પ્રિન્સિપાલે સ્પષ્ટતા કરી, 'અમે ઘણું કહ્યું... પણ તેઓ હાજર ન રહ્યા...'

'તો આપણે તેમના સ્થાને જઈને મળીએ...' વિદ્યારસિક ચતુર વાઈસરૉયે એમને મળવાની ઉત્કંઠા પ્રગટ કરી. શાસ્ત્રીજીનો ઓરડો નજીકમાં જ હતો. પ્રિન્સિપાલ ત્યાં દોડી ગયા અને ખુદ વાઈસરૉયની પોતાની શાસ્ત્રીજીને મળવાની ઈચ્છા આજ્ઞાના રૂપમાં કહી સંભળાવી. પોતાની લેખનક્રિયામાંથી સહેજ પણ માથું ઊંચું કર્યા નિઃસ્પૃહપણે શાસ્ત્રીજીએ કહ્યું, 'મને મળવા આવવાની હું એમને પરવાનગી આપું છું.'

ખુમારીભર્યા સ્વાભિમાન નીતરતા આ શબ્દો વાઈસરૉયને કાને પહોંચાડાયા. વાઈસરૉય શાસ્ત્રીજીના ઓરડામાં આવ્યા... અને શાસ્ત્રીજીએ ઉચિત આશીર્વચનથી એમનો સત્કાર કર્યો.

થોડા વખત પછી નવા વર્ષથી ખુશાલમાં માનચાંદનાં લિસ્ટ બહાર પડ્યા. તેમાં બનારસ ખાતે 'સી.આઈ. ઈ.'ના માન માટે લાયક ફક્ત એક જ વ્યક્તિનું નામ વંચાયું... 'ગંગાધર શાસ્ત્રી.' છાપામાં નામ છપાયું. એમની વિદ્વત્તાનાં વખાણ થયાં. એમનો એક શિષ્ય બનારસ જિલ્લા કોર્ટમાં ન્યાયાધીશ હતો. લિસ્ટ વાંચતાં જ તે શાસ્ત્રીજીને અભિનંદન આપવા દોડી ગયો. શાસ્ત્રીજી પ્રથમ તો પોતાના આ શિષ્યની ઊભરાતી ખુશાલીનું કારણ કળી શક્યા નહીં. પણ શિષ્યે જયારે છાપું બતાવ્યું ત્યારે તેઓ ખડખડાટ હસી પડ્યા અને બોલી ઊઠ્યાં, 'અરે, શિરીષ! હમ પર શ્યાહી ડાલ દી, ઔર તુમ ખુશ હો ગયે!' (મારા નામ પર શાહી ઢોળી દીધી અને તું ખુશ થઈ ગયો!)

લોકોને જીતવાનો રસ્તો દંભનો નથી, સ્વાભિમાનયુક્ત વ્યવહારનો છે... આ વાત ભારતની નવી પેઢીને કયારેક સમજાશે? આપણો વ્યવહાર સાહજિક હશે, સ્વાભાવિક હશે, આત્મીય હશે અને આ દેશની સંસ્કૃતિ અને જીવનમૂલ્યોને પોષક હશે તો સ્વત્વ ટકી રહેશે.

દેશનું સ્વાભિમાન છેવટે તો દેશવાસીઓનાં વ્યવહારમાં જ છુપાયેલું છે... આ વાત નિર્વિવાદ છે.

## દિલ્હી જતી રાજધાનીમાં બોમ્બના કોલથી દહેશત

પણજી,તા.૨૦

દિલ્હી જતી ત્રિવેન્દ્રમ રાજધાની એક્સપ્રેસમાં આજે બોમ્બ હોવાનો કોલ મળ્યા બાદ સ્ટેશન ઉપર ભારે અફડાતફડી મચી ગઈ હતી. આના કારણે આ ટ્રેનને અડધો કલાક સુધી રોકી દેવામાં આવી હતી. અહેવાલ મળ્યા બાદ ઝીણવટભરી તપાસ પણ કરવામાં આવી હતી. આ ટ્રેનને પણજીથી આશરે ૩૫ કિલોમીટરના અંતરે સ્થિત મારગાંવ રેલ્વેસ્ટેશન ખાતે રોકી દેવામાં આવી હતી. ત્યારબાદ બપોરે ૧૨.૧૫ વાગે આને રવાના કરવામાં આવી હતી. મારગાંવ રેલ્વે સ્ટેશન ખાતે ટ્રેનને રોકી દેવામાં આવ્યા બાદ ગોવા પોલીસે ઉંડી તપાસ હાથ ધરી હતી. જો કે ટ્રેનમાં કોઈ બોમ્બ ન મળતા ટ્રેનને મોડેથી રવાના કરવામાં આવી હતી. કોલ આવ્યા બાદ મારગાંવ પહોંચે તે પહેલા જ તપાસ હાથ ધરાઈ હતી.

### નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

કાજુ, બદામ, પિસ્તા તથા અખરોટ ઉપરાંત સીધી રીતે સુકા મેવામાં ન ગણાતા એવા કોપરૂં અને મગફળી પણ શરીર માટે ઉપયોગી છે.

કોપરૂં પાચનક્રિયાની ખામી, અલ્સર, હરસ આદિમાં ખુબ ઉપયોગી છે. મૂત્રાશય તથા મૂત્રને લગતી તકલીફોમાં પણ કોપરૂંનું પાણી અસરકારક છે.

મગફળી સૌંદર્ય પ્રસાધનમાં ત્વચાને પોષણ આપવા અર્થે ઉપયોગી છે. રક્તસ્ત્રાવને રોકવા માટે મગફળી અસરકારક છે. સીંગ ચાવીને ખાવાથી દાંત તથા પેઢાને પોષણ મળે છે. જો કે સીંગ ખાધા બાદ સાફ કરવા જરૂરી છે.

આમ, સુકા મેવા શરીરને અનેક રીતે ઉપયોગી છે. ખાસ કરીને આ દરેક મેવા રસાયણની ગરજ સારે છે. આથી, નિયતમાત્રામાં નિયમિતરૂપે લેવાની શરીર તથા મન બંને સ્વસ્થતાને પામે છે.